જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૧૮/૦૯/૨૦૨૬ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયા:– **સમાચાર યાદી નં.૧૩૦૯/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૫ કેસ કરી, ૨૪ વ્યક્તિઓને ઝડપી, ૧૧૮ લીટર દેશી દારૂ, ૩૬ બોટલ ઈંગ્લીશ દારૂ, ૩૮૮ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨૮૮ બિયર ટીન અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૨ કેસ કરી, ૧૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૨,૭૦૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયત:– **સમાચાર યાદી નં.૧૩૧૦/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૬૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડી:– **સમાચાર યાદી નં.૧૩૧૧/૨૦૨૬**

સાયબર ક્રાઈમ: વસંતભાઇ ભોજુભાઇ મહાલે (ઉ.વ.૬૭) (રહે. રાજીવપાર્ક સોસાયટી મણીબા સ્કુલની બાજુમાં સરદાર ચોક કૃષ્ણનગર) એ તા.૧૭/૦૯/૨૦૨૬ ના રોજ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૦/૦૭/૨૦૨૬ ના રોજ મોબાઈલ નંબર ૮૩૮૮૦૦૬૫૩૮ ના ધારકે વસંતભાઈ મહાલેને ફોન કરી બેન્ક ઓફ ઇન્ડીયામાંથી વાત કરતા હોવાની ઓળખ આપી વસંતભાઈ મહાલેના બેન્ક ખાતા વિશે પુછપરછ કરી BOI.apk નામવાળી ફાઇલ દ્વારા વસંતભાઈ મહાલેના મોબાઇલ ફોનનો એક્સેસ મેળવી વસંતભાઈ મહાલેના બેન્ક ઓફ ઇન્ડિયાના ખાતામાંથી અલગ–અલગ કુલ–૧૨ જેટલા ટ્રાન્જેક્શનથી કુલ રૂપિયા ૧૧,૬૪,૯૦૦/– ટ્રાન્સફર કરી લઈ છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી પી.પી.વાઘેલા ચલાવે છે.

નવરંગપુરા: સેટેલાઇટ વિસ્તારમાં રહેતા તબીબ એ તા.૧૭/૦૯/૨૦૨૬ ના રોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે ટેલીફોન એક્ચેન્જની ગલીમાં મીઠાખળી સી.જી.રોડ ખાતે આવેલ સુશ્રુષા હોસ્પીટલના સંચાલક મિલંદ તુષારભાઈ પરમાર (રહે.બાલાજી વિન્ડ પાર્ક વૈષ્ણવદેવી સર્કલ એસ.જી. હાઈ–વે) એ માહે મે/૨૦૨૫ થી માહે નવેમ્બર/૨૦૨૫ સુધીના સમયગાળા દરમ્યાન સુશ્રુષા હોસ્પીટલ ખાતે લેબોરેટરી સ્થાપીત કરવાની છે જેના માટે તેઓ તબીબને જગ્યા આપશે અને હોસ્પીટલમાં લેબોરેટરીની તમામ સુવીધાઓ આપવામાં આવશે તેવો ભરોશો અને વિશ્વાસ આપી લેબોરેટરી ચાલુ કરવા માટે તબીબ સાથે એમ.ઓ.યુ. કરાર કરી તબીબ પાસેથી કુલ રૂપિયા ૫૯,૦૦,૦૦૦/– મેળવી લઈ તબીબની લેબોરેટરી બંધ કરાવી વિશ્વાસઘાત કર્યો હતો. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.સી.ઝાલા ચલાવે છે.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૧૩૧૨/૨૦૨૬**

વાસણાઃ કિર્તીબહેન વા/ઓ અજયભાઇ દાતણીયા (રહે. બ્લોક–૩૧ ચાર માળીયા ભાઠાગામ વાસણા) એ તા.૧૭/૦૯/૨૦૨૬ ના રોજ વાસણા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૪/૦૯/૨૦૨૬ બપોરના ૦૨/૦૦ થી તા.૦૫/૦૯/૨૦૨૬ સવારના ૦૯/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળું તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોના– ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૪૮,૦૦૦/– મળી કુલ રૂપિયા ૧,૯૮,૨૨૩/– મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.ડી.જાદવ ચલાવે છે.

વાહન ચોરીઃ– **સમાચાર યાદી નં.૧૩૧૩/૨૦૨૬**

ચાંદખેડાઃ ઈન્દ્ર રણછોડભાઈ ચૌધરી (રહે. શીવા બ્લેસીંગ સરઘાસણ ગાંધીનગર) એ તા.૧૭/૦૯/૨૦૨૬ ના રોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે. તા.૧૫/૦૯/૨૦૨૬ રાતના ૧૦/૫૦ વાગ્યાથી ૧૧/૫૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન ચાંદખેડા આઈ.ઓ.સી.રોડ નવજીવન મેડીકલ નજીક પાર્ક કરેલ હોન્ડા સીટી કાર નંબર જીજે ૨૩ સીજી ૦૧૦૩ કિમત રૂપિયા ૧૨,૦૦,૦૦૦/– અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.જી.ડાભી ચલાવે છે.

અપમૃત્યુઃ– **સમાચાર યાદી નં.૧૩૧૪/૨૦૨૬**

નરોડાઃ નરોડા હંસપુરા મારૂતિ હાઇટ્સ સોસાયટીની બાજુમાં કાચા છાપરામાં રહેતા અને મજુરી કામ કરતા પંકજકુમાર રામસિંગભાઇ ભાભોર (મુળ વતન. ગામ–ઘાવડીયા તા–ઝાલોદ જી–દાહોદ) તા.૧૭/૦૯/૨૦૨૬ બપોરના ૨/૩૦ વાગ્યાના સુમારે મારૂતિ હાઇટ્સની બાજુમાં નવી બનતી ગટર લાઇનમાં ગટરનુ ભુંગળુ ફીટ કરી ખોદકામ કરેલ ગટર લાઇનમાંથી ઉપર ચડતા હતા ત્યારે ખોદેલી માટીનો ઢગલો તેમની ઉપર પડતા ગંભીર ઇજાઓ થતા સારવાર માટે તેમને નરોડા ક્રિષ્ણા સર્જીકલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી અશોકભાઇ ઘનાભાઇ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૧૩૧૫/૨૦૨૬**

નારોલઃ દિપાલીબહેન મુકેશભાઈ ચાવડા (ઉ.વ.૨૫) (રહે. આકૃતિ ટાઉન શિપ નારોલ) એ અગમ્ય કારણસર તા.૧૭/૦૯/૨૦૨૬ બપોરના ૦૨/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ શ્રી આર.ડી.સામ્બડ ચલાવે છે.

વાસણાઃ રોહન સ/ઓ રાજુભાઇ પરમાર (ઉ.વ.૧૯) (રહે. શિવશક્તિનગર કાચા છાપરાં દેવાશ ફલેટ નજીક ગુમાનગર) એ અગમ્ય કારણસર તા.૧૭/૦૯/૨૦૨૬ સાંજના ૦૬/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે છતના ભાગે લોખંડના પાઇપ સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી કરી હતી. આ અંગે વાસણા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રમેશકુમાર ગોરાભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ.યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી